## રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ગૌરીવ્રત કરતી દિકરીઓને નાસ્તાનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા ગુરૂપૂર્ણિમાના તહેવાર નિમિત્તે ગૌરીવ્રત કરતી ગરીબ ઘરની દિકરીઓ અને જરૂરિયાતમંદ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સદસ્યો દ્વારા સેક્ટર-૩ ખાતે આવેલ જયભીમ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે ઉપસ્થિત રહીને સરકાર દ્વારા કોવિડ અંતર્ગત નક્કી કરવામાં આવેલ નિયમોનુસાર ગૌરીવ્રત કરતી દિકરીઓને ફરાળી નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. આ ઉપરાંત સેક્ટર-૬ ખાતે આવેલ ઝૂંપડપટ્ટીમાં જઈને સોશિયલ ડીસ્ટન્સ સાથે ૧૦૦ જેટલી કિટોનું જરૂરિયાતમંદ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ઈલાબેન વોરા સહિત સંસ્થાના પદાધિકારીઓ અમીબેન શાહ, મિતાબેન ઉપાધ્યાય, દિપ્તીબેન સબાપરા, અરવિંદભાઈ રાણા, ઉદય વોરા, પાર્થ ઠક્કર, મેઘા ચૌહાણ સહિત અખિલ ભારત ગુજરાતી સમાજના પ્રમુખ વિભાબેન ઠક્કર, જાણીતા પત્રકાર કિશોરભાઈ અંજારીયા, પત્રકાર ભાવના ઠક્કર સહિત અનેક લોકો ઉપસ્થિત રહેલ.

### ગણપત યુનિવર્સિટીની કોમ્પ્યુટર એપ્લિકેશન ફેકલ્ટીમાં

## ‘નેટવર્ક’ અને શાયબર સિક્યુરીટી રિસર્ચ લેબનું ઉદ્‌ઘાટન અને ‘ઈમર્જિંગ ટેકનોલોજી’ શ્રેણીનું વ્યાખ્યાન

ગણપત વિદ્યાનગર, તા. ૯

આવતીકાલની ટેકનોલોજીને આજે જ અપનાવીને તેનો અધિકત્તમ લાભ વિદ્યાર્થીઓને આપવા હંમેશા અગ્રેસર રહેતી ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન ખાતે તાજેતરમાં એક અત્યંત આધુનિક એવી ‘‘નેટવર્ક એન્ડ સાયબર સિક્યુરિટી રિસર્ચ’’ (એનસીએસઆરએલ)લેબનું ઓનલાઈન ઉદ્‌ઘાટન કરાયુ હતુ.

‘વાયરલેસ નેટવર્ક’ સિમ્યુલેટર (એનએસ-૩)ના સહસ્થાપક અને અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના પ્રો. ડૉ. થોમસ હેન્ડરસન દ્વારા આ નેટવર્ક એન્ડ સાયબર સિક્યુરિટી રિસર્ચ લેબનું ઉદ્‌ઘાટન થયું ત્યારે ગણપત યુનિવર્સિટીના દાતા-અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ તેમજ યુનિ.ના ડાયરેક્ટર જનરલ અને પ્રો. ચાન્સેલર પ્રો.ડો. મહેન્દ્ર શર્મા, વાઈસ ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ સહિત વિવિધ ફેકલ્ટીના ડીન, પ્રિન્સિપાલ્સ, હેડ ઓફ ધી




ડિપાર્ટમેન્ટ્સ, ફેકલ્ટી મેમ્બર્સ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અભ્યાસુ-સંશોધકો જોડાયા હતા.

નેટવર્ક અને સાયબર સિક્યુરિટી રિસર્ચ લેબના ઉદ્‌ઘાટન સાથે જ ગણપત યુનિવર્સિટી ઈમર્જિંગ ટેકનોલોજીસ લેક્ચર સિરિઝના ભાગરૂપે વાયરલેસ નેટવર્ક અને નેટવર્ક સિમ્યુલેશન વિષય ઉપરનું વિશેષ વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેના વ્યાખ્યાતા પણ પ્રો. ડૉ. થોમસ હેન્ડરસન જ હતા.

કોમ્પ્યુટર ટેકનોલોજીમાં ‘એનએસ-૩’ ટેકનોલોજીના આવિષ્કાર માટે જગતભરમાં ખૂબ મોટુ નામ અને ઊંચી પ્રતિષ્ઠા ધરાવતા પ્રો. ડો. થોમસ હેન્ડરસનની અનન્ય લોકપ્રિયતાને કારણે આ ઉદ્‌ઘાટન અવસર અને વ્યાખ્યાનના આયોજનમાં ૧૩૯૫ જેટલા લોકો સીધા જ જોડાયા હતા તો બીજા ત્રણથી સાડા ત્રણ હજાર લોકો ફેશબુકના માધ્યમ દ્વારા જોડાયા હતા.

જેમાં ગુજરાત ઉપરાંત ભારતના અનેક રાજ્યો સહિત ૩૪ જેટલા દેશના અભ્યાસુ, સંશોધકો, ફેકલ્ટી મેમ્બર્સ, નેટવર્ક પ્રોફેશ્નલ્સ અને નેટવર્ક-સાયબર સિક્યુરિટીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જ્યારે દુનિયાભરના જે દેશો જોડાયા હતા તેમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઈટાલી, ફ્રાંસ, ઓસ્ટ્રેલિયા, ચીન, આયર્લેન્ડ, બેલ્જિયમ, કોલમ્બિયા, તુર્કિ, ઓસ્ટ્રિયા, ઈજિપ્ત, શ્રીલંકા, સાઉદી અરેબિયા, હંગેરી, મલેશિયા, યમન, પાકિસ્તાન, ઈથોપિયા, સંયુક્ત આરબ-અમિરાત, બાંગ્લાદેશ, તાંઝાનિયા, ઈરાક, મોરોક્કો, ધાના, કતાર, ઝીમ્બાબ્વે અને જાવા જેવા દેશોનો સમાવેશ થાય છે.

## જીટીયુ અંતિમ વર્ષની પરીક્ષા એમસીક્યુ ફોર્મેટ પ્રમાણે લેશે

ગાંધીનગર,તા.૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા મોટો નિર્ણય લેવાયો છે. MCQ ફોર્મેટમાં વિદ્યાર્થીઓની અંતિમ વર્ષની પરીક્ષા લેવાશે. આ પરીક્ષા ૩૦ જુલાઈ પહેલા ઓનલાઈન પૂર્ણ કરાશે. MCQ ફોર્મેટમાં લેવાનારી પરીક્ષામાં ૭૦ માર્કની પરીક્ષા ૭૦ મિનિટ માટે લેવાશે. ઝડપથી વિદ્યાર્થીઓને પરિણામ આપી શકાય તે હેતુથી હવે સ્ઝ્રઉ ફોર્મેટમાં પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. જે વિદ્યાર્થી પાસે નેટની સુવિધા ના હોય તે કોલેજ પર જઈ વાય ફાઈના માધ્યમથી પણ પરીક્ષા આપી શકશે.

મોબાઈલ, ટેબ્લેટ અને લેપટોપની મદદથી વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. ઓનલાઈન પરીક્ષા ના આપી શકે તેવા વિદ્યાર્થીઓની ઓફલાઈન પરીક્ષા પણ યોજાશે. ઓફલાઈન પરીક્ષા પણ MCQ બેઝડ રહેશે, જેમાં ૭૦ મિનિટમાં ૭૦ માર્કની પરીક્ષા લેવાશે. ઓફલાઈન પરીક્ષા ૧૫ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટની વચ્ચે પરીક્ષાના આયોજનની તૈયારીઓ થઈ રહી છે. ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષા ના આપી શકે તેમની પાછળથી સ્પેશિયલ પરીક્ષા લેવાશે, જે સપ્ટેમ્બર મહિનામાં લેવાશે. આમ, GTUમાં ડિગ્રી/ ડિપ્લોમા એન્જિનિયરીંગ અને ફાર્મસીના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં અભ્યાસ કરતા અંદાજે ૫૯,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે.

## સીબીએસસીની જેમ ગુજરાત બોર્ડ પણ સિલેબસમાં ઘટાડો કરે તેવી માગ

અમદાવાદ, તા. ૦૯

કોરોના મહામારીને જોતા હવે ગુજરાત બોર્ડ પણ અભ્યાસક્રમમાં ઘટાડો કરે તેવી માંગ ઊઠી છે. CBSE બોર્ડે ધોરણ ૯ થી ૧૨માં ૩૦% અભ્યાસક્રમમાં ઘટાડો કરતા ગુજરાત બોર્ડ પણ સમયસર નિર્ણય લે તેવી માંગ ઉઠી રહી છે. શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલના અનુસાર CBSE બોર્ડ કરતા પણ વધુ કોર્ષ ગુજરાત બોર્ડે ઘટાડવાની ફરજ પડશે. સરકાર આગામી વર્ષે એપ્રિલ મહિનાથી શાળાઓ શરૂ કરવા માગે છે તો એ દિશામાં વિચારણા કરીને ચાલુ વર્ષે કોર્ષ ઘટાડવા અંગે નિર્ણય કરવો જરૂરી છે. હાલ જુલાઈ સુધી સ્કૂલ ખુલશે નહિ, અને ભવિષ્ય પણ અનિશ્ચિત છે. ત્યારે લગભગ ૬૦ દિવસનો અભ્યાસ શક્ય બનવાનો નથી. તો બીજી તરફ, શિક્ષક, વાલી અને શાળા સંચાલકોની માગને જોતા હાલ રાજ્ય સરકારે પણ ઝ્રમ્જીઈ બોર્ડના નિર્ણય અને હાલની શૈક્ષણિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કોર્ષમાં કેટલો ઘટાડો કરી શકાય તે અંગે વિચારણા શરૂ કરી છે. આગામી સમયમાં ગુજરાત બોર્ડ પણ અભ્યાસક્રમમાં ઘટાડો કરે તેવી શક્યતાઓ પ્રબળ બની છે.

ભાસ્કર પટેલે જણાવ્યું કે, અંદાજીત ૨૨૫ દિવસના શિક્ષણકાર્યમાંથી ૬૦ દિવસ શિક્ષણ બંધ રહે તો હાલ ૧૬૫ દિવસ જ અભ્યાસ માટે બાકી રહેવાનો અંદાજ છે. રાજ્ય સરકારે ૩૫% કોર્ષ ઘટાડવા અંગે નિર્ણય લેવો જોઈએ. જેથી કોર્ષ પૂર્ણ કરી શકાય અને આગામી સત્ર પણ એપ્રિલથી શરૂ થઈ શકે.





**૧૨૦ લાભાર્થીને વિવિધ વસ્તુનું વિતરણ** - શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સોમવારના દિવસે ગોઠ મુકામે પાંચ ગામોના ૮૫ લાભાર્થીને ચોખા, ચપ્પલ, નાસ્તા અને બિસ્કીટના પેકેટ તથા પેરાસીટામોલની સ્ટ્રીપનું વિતરણ કર્યુ હતું. જ્યારે રુદ્રેશ્વર મહાદેવ તથા ભેટાલી ચાર રસ્તા પાસે ૩૫ લાભાર્થીને પણ ઉપરોક્ત તમામ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે દૂધી તથા ગલકાનું બિયારણ આપ્યું હતું. ગામેતીભાઈ, અમૃતભાઈ, મોન્ટુ, યોગેશ તથા મિલિન્દભાઈ સાથે હતા.

## અત્યાર સુધીમાં ૨,૧૪,૧૭૬ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ લીધો

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીના વિકાસમાં નિર્ણાયક

### જરૂરિયાતમંદ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને અત્યાર સુધીમાં કુલ ૮૬૫.૨૪ કરોડની સહાય ચૂકવાઈ

ગાંધીનગર, તા. ૯

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદની ગવર્નીંગ બોડીની મીટીંગ યોજાઈ ગઈ જેમાં તેઓ દ્વારા કેસીજી મારફત અમલી કરવામાં આવેલ વિવિધ પ્રકલ્પો અને યોજનાઓ અને ચર્ચા વિચારણા કરેલ હતી. આ મીટીંગમાં શિક્ષણમંત્રી દ્વારા ખાસ કરીને સરકારશ્રીની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના અને એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજનાના પ્રચાર-પ્રસાર અંગે સૂચનો કરવામાં આવ્યા જેથી મહત્તમ વિદ્યાર્થીઓ તેનો લાભ મેળવી શકે.

મીટીંગમાં થયેલ ચર્ચા અનુસાર રાજ્યના તેજસ્વી, જરૂરીયાતમંદ અને યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તેમની શૈક્ષણિક કારકિર્દી અને ભાવિ વિકાસના સંદર્ભમાં ખુબ જ નિર્ણાયક અને ઉપયોગી સાબિત થઈ રહી છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ રૂ. ૬ લાખથી ઓછી આવક ધરાવતા કુલ ૨,૧૪,૧૭૬ વિદ્યાર્થીઓને અત્યાર સુધીમાં આર્થિક લાભ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ચાર વર્ષમાં આ યોજના હેઠળ રૂ. ૮૬૫.૨૪ કરોડની વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં અત્યાર સુધીમાં ૬૧,૭૧૦ વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો છે. આ પ્રક્રિયા હાલમાં પણ ચાલુ હોય તેમાં વધારો થશે.

આ યોજનાના અમલીકરણ વર્ષ ૨૦૧૫-૧૬ શરૂઆતમાં ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી પર્સનટાઈલ અને વાલીની વાર્ષિક આવક રૂ. ૪.૫૦ લાખથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓને જ આ યોજના અંતર્ગત લાભ પ્રાપ્ત થતો હતો.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ ૫૬૨૪ વિદ્યાર્થીનીઓને લાભ મળેલ જે વધીને વર્ષ ૨૦૧૮-૧૯માં ૯૨૩૦ થયેલ છે. એટલે કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના અમલીકરણ પછી વાલીઓ પર ઉચ્ચ અભ્યાસના ખર્ચનું ભારણ ઘટ્યુ હોવાથી લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬૪ ટકા જેટલો વધારો થયેલ છે. આ કારણોસર ગરીબ વિદ્યાર્થીનીઓ પણ આ સહાય મળવાના કારણે મનગમતી કોલેજમાં અભ્યાસ કરતા થયા છે.

સરકારી મેડીકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજ જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેસ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો તેવા વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજ અને સરકારી કોલેજની ફીના તફાવતની રકમ, સહાય પેટે મળવાપાત્ર છે. આ જોગવાઈના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન ૧૮ થી ૧૯ લાખ સુધીની સહાય ચુકવવામાં આવે છે.

આ યોજનાની નોંધપાત્ર બાબત એ છે કે વર્ષ ૨૦૧૭-૧૮થી તમામ પ્રક્રિયા ઓનલાઈન છે. રાજ્યભરમાં ૨૫૦ જેટલા હેલ્પ સેન્ટરો છે. વિદ્યાર્થીઓને અરજી કર્યા તારીખથી માત્ર ૨ મહિનામાં વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં ડીબીટી મારફતે સહાય જમા કરાવવામાં આવે છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં કુલ ૨,૧૪,૧૭૬ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૮૬૫.૨૪ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

એમબીબીએસના અભ્યાસક્રમમાં વધુમાં વધુ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓ જોડાય તે માટે વર્ષ ૨૦૧૭-૧૮થી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ. ૨ લાખની સહાય ઉપરાંત ‘માન. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ’ અંતર્ગત વધારાની રૂ. ૪ લાખની સહાય આપવામાં આવે છે. આથી એમબીબીએસના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓ અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન કુલ ૨૭.૬૪ લાખની શિષ્યવૃત્તિ સહાય સરકારશ્રી તરફથી મેળવી શકે છે.

માન. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત આજદિન સુધીમાં મેડીકલની ૫૧૦૭ વિદ્યાર્થીનીઓને રૂ. ૧૧૬.૫૭ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

# પી.એ.થી પોએટ સુધીની યાત્રા : કિશોર જિકાદરા

પાશ્ચાત્ય સાહિત્યમાં ટી.એસ.એલિયટે એક સુંદર વાત કહી છે કે **“Judge the poem, not the poet”**આ વાતને કેન્દ્રમાં રાખીને આજે અહી એક કવિને તેમની કવિતા દ્વારા ઓળખવા છે. માણસ ધારે તો નિષ્ઠાથી પોતાના રસના ક્ષેત્રમાં કેવા સુંદર પરિણામો મેળવી શકે છે તેની વાત અહી કરવી છે. સાહિત્ય અકાદમીના માસિક ‘‘શબ્દસૃષ્ટિ’’ને વિશિષ્ટ પ્રકારની સાહિત્યિક ઉંચાઈ બક્ષનાર કવિ હર્ષદ ત્રિવેદીએ શબ્દસૃષ્ટિમાં એક દિવસ કાવ્ય વિભાગના પહેલે પાને એક નવોદીત કવિની ચાર ગઝલ એકસાથે પ્રગટ કરી. તે સંદર્ભે હરીશ મીનાશ્રુ, દલપત પઢિયાર, માધવ રામાનુજ જેવા નીવડેલ કવિઓએ હર્ષદને એક નવા પ્રકારની તાજગી ધરાવતા કવિનો શબ્દ પ્રગટ કરવા બદલ અભિનંદન આપ્યા. આ રીતે હર્ષદની પારખુ નજર દ્વારા કવિ અને ગઝલકાર તરીકે પ્રતિષ્ઠીત થયેલા કવિને તે વખતે અપાયેલા અભિનંદન હવે સાર્થક થાય છે. એ કવિની એક ગઝલ ભાવનગર યુનિવર્સિટીમાં એફ.વાય. બી.એ.ના ગુજરાતી વિષયના અભ્યાસક્રમમાં સ્થાન પામી છે. એ કવિનું નામ કિશોર મુળજીભાઈ જિકાદરા છે. તા.૦૪-૦૨-



૧૯૫૫ના રોજ મહુવાના અતિ સામાન્ય પરિવારમાં જન્મેલા આ કવિની જીવન યાત્રા સતત ફંટાતી રહી છે. જુની એસ.એસ.સી. સુધીનો અભ્યાસ અમરેલી જિલ્લાના જાફરાબાદ ગામની પારેખ અને મહેતા હાઈસ્કુલમાં ઉજ્જવળ કારકિર્દી સાથે પુરો કર્યો. પછી ભાવનગરની ભાવસિંહજી પોલીટેકનીક કોલેજમાં ઓટોમોબાઈલ એન્જિનિયરીંગના અભ્યાસમાં જોડાયા. પણ મોટું કુટુમ્બ અને આવકના ટાંચા સાધનોને કારણે અભ્યાસ અધવચ્ચેથી છોડવો પડ્યો અને સુરત ખાતે હીરા ઘસવાના કામમાં અનિચ્છાએ જોતરાવું પડ્યું. દરમિયાન વહેલી તકે સરકારી નોકરી મેળવવા માટે ગુજરાતી લઘુલિપિનું પુસ્તક ખરીદી સ્વયં અભ્યાસ ચાલુ કર્યો, એમાં સફળતા મેળવી રાજ્યના આયુર્વેદ નિયામકના અંગત મદદનીશ તથા ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ તરીકે સરકારી નોકરી મેળવી. કામમાં એવી નિષ્ઠા કે એમની કચેરીના કોઈ નિયામક એમને છોડવા રાજી નહી. પરિણામે એક જ સ્થળે સતત ૨૪ વર્ષની સુંદર ફરજ બજાવી વયનિવૃત્તિના નવ વર્ષ પહેલાં સ્વૈચ્છીક સેવાનિવૃત્તિ લીધી. નિવૃત્તિ પછી કશુંક લખવાની સ્ફૂરણા થઈ. નિજાનંદ માટે લખવાનું શરૂ કર્યું. વાર્તા, કવિતા અને ગઝલ લખાતી ગઈ. ગઝલ ઉપર સારો હાથ બેસી ગયો. પરિણામે ૨૦૦૬માં સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી ‘‘અભિવ્યક્તિ’’ અને ૨૦૧૯માં ‘‘પાંપણ વચ્ચે’’ ગઝલસંગ્રહ રન્નાદે પ્રકાશન દ્વારા પ્રગટ થયો. આ કવિ તરફ ગુજરાતીના પ્રા.ડો.મહેન્દ્ર અ. દવેનું ધ્યાન ખેંચાયું તેમણે તેઓને ખુબ પ્રોત્સાહિત કર્યા. જાણીતા કવિ મનસુખ લશ્કરી તેમની વિશે કહે છે કે કિશોરની કવિતામાં લય સડસડાટ વહે છે. આ કવિ વ્યક્તિ તરીકે પણ નોખા અને અનોખા છે. એમની કેટલીક વિશિષ્ટ આવડતોની માત્ર યાદી પણ જોવા જેવી છે (૧) કિશોર જિકાદરા ખુબ સારા રસોયા છે. (૨) કિશોર જિકાદરાનું જોડણી અને છંદ અંગેનું જ્ઞાન બેનમૂન છે. (૩) કારના મિકેનીઝમની ખુબ સારી જાણકારી એ ધરાવે છે. (૪) કિશોર જિકાદરાને શિલ્પકામ કરવું પણ ફાવે અને ગમે. (૫) સ્ટેનોગ્રાફર તરીકેની એમની ઝડપ એમના કાર્યકાળમાં ખુબ વખણાતી. (૬) આર્થિક બાબતોનો હિસાબ કીતાબ પણ ખુબ ઝીણવટ પૂર્વક કરી શકે. (૭) ઘરમાં નાનું-મોટું પ્લમ્બરીંગ કામ કે ઈલેક્ટ્રીકનું કામ પણ કિશોર સરસ રીતે કરી લે. (૮) સુથારીકામમાં પણ જબરી સુઝ પડે. અને બધાં ઉપરાંત કિશોર જિકાદરા લાગણીના માણસ. રૂંવાડે-રૂંવાડે જીવતાં માણસ. કોઈ મિત્ર કે મુરબ્બી મુશ્કેલીમાં હોય તો દોડીને સૌથી પહેલાં પહોંચવા વાળા મિત્ર કિશોર જિકાદરા હોય. કિશોર જિકાદરાની ભાવનગર યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કૃતિનો ઈતિહાસ પણ રસપ્રદ છે. ‘‘અખંડ આનંદ’’ના દિવાળી અંક માટે કિશોર જિકાદરા પોતાની એક ગઝલ લઈને સંપાદક હરિકૃષ્ણ પાઠક પાસે ગયા. નમ્રતાથી કહ્યું કે આ ગઝલ જરા લાંબી, નવ શે’રની છે. જરૂર પડે તમે બે ત્રણ શે’ર કાઢી નાંખજો. હરિકૃષ્ણભાઈએ કહ્યું કે બેસો, અહીં સાથે ચર્ચા કરીને જ ઓપરેશન કરીએ. એ પછી તો હરિકૃષ્ણભાઈ એક પછી એક પંક્તિ વાંચતા ગયા અને તેમાંથી એક પણ શબ્દ કાઢવો આ મેઘાવી સંપાદકને યોગ્ય ન લાગ્યો અને પરિણામે નવેમ્બર-૨૦૧૮ના ‘‘અખંડ આનંદ’’ના દિવાળી અંકમાં આ ગઝલ કશી કાપકૂપ વગર પ્રગટ થઈ. એક સિધ્ધહસ્ત કવિ દ્વારા સાધના હસ્તક કવિનું થયેલું આડકતરૂ સન્માન હતું.

ધીરૂ પરીખ અને પ્રફુલ રાવલ જ્યારે પણ કિશોર જિકાદરા પાસે તેમની કવિતા પ્રગટ કરવા માટે માંગે ત્યારે તેમને પણ આ પ્રકારની લાગણી થાય. કવિને પૂછ્યુ કે સાહિત્ય અને ગઝલ લેખનમાં પાછલી ઉમરના પ્રવેશ પછી છંદ અને જોડણીની આટલી સરસ તજજ્ઞતા મેળવી લેવાનું કારણ શું ? ક્ષણનાય વિલંબ વગર જવાબ આપ્યો કે જાફરાબાદમાં શિક્ષકો પ્રહલાદભાઈ દવે, શારદાબેન દવે અને પ્રા.રક્ષાબેન દવેએ જે છંદ શિખવાડ્યા તે આ સફળતાના પાયામાં છે.

પોતાની સાહિત્ય સર્જનની સિધ્ધિમાં શિક્ષકના ફાળાને આજેય યાદ કરતાં આ કવિની ‘‘સમજાવટથી’’ શિર્ષકવાળી ગઝલ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પ્રવેશ પામે એ સર્વથા યોગ્ય છે. આ માટે ભાવનગરની કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા પ્રા.મહેન્દ્રસિંહ તખ્તસિંહ પરમારને પણ ધન્યવાદ આપવા પડે. શિક્ષકનું આ જ કામ છે કે શ્રેષ્ઠ ગોતીને પોતાના વિદ્યાર્થીઓને પીરસે. અહીં એ કામ સુપેરે થયુ છે.

**- મનોજ શુક્લ**

**તેં સીવેલા સંબંધોને આજે પણ પહરું છું વટથી, દિલ દઈને લીધેલા ટાંકા એમ નથી કે તૂટતા ઝટથી.**
**આવી રીતે ધોળે દિવસે, પડછાયો થૈ સાથે ના ફર ! ઈર્ષ્યા થાશે સૂરજને પણ, તારી મારી આ ઘરવટથી.**
**કૂવાકાંઠો પડખે છે પણ બેડું તોય રહ્યું છે ખાલી, લેણાદેણી ક્યાં છે મારે, એક ટકો પણ આ પનઘટથી ?**
**સઘળી વાતે સુખ છે કિન્તુ, નાનીસરખી મુશ્કેલી છે, ઘર છે મારું આ કાંઠે, ને પ્રીત કરી છે સામા તટથી.**
**અટકાવું તો ખિન્ન થશે ને ખમકાવું તો ઓર વટકશે, કામ ખરેખર લેવું પડશે ઇચ્છા સાથે સમજાવટથી.**
**તારી જેમ નથી વેડફતો, ગમ્મે ત્યારે માગી જોજે, આંસુના પ્રત્યેક ટીપાંનો, રાખુ છું હિસાબ ચીવટથી.**
**વરસાદી ત્રમઝટમાં કોરોકટ્ટ રહ્યો છું આજે, પૂરેપૂરો પલળી ગ્યો’તો, તે દિવસે ઝીણી વાછટથી.**
**ડાળી પરથી પાન ખર્યું, તો એનો શો અફસોસ કરું હું, ફૂટવાની છે કૂંપળ પાછી, એ જ જગ્યાએ કાલ ઊલટથી.**
**જ્યારે ત્યારે તરભેટા પર લાવીને એ છોડી દે છે, ઈશ્વરથી બહુ દૂર થયો છું, ઈશ્વરની આવી ખટપટથી.**

## ડાયરેક્ટ ❤ સે

તમામ બાળકોને એટલો બધો છાંયડો ન આપો કે તે જીવનમાં આવનાર તડકો ઝીલી ન શકે.

## જન્મદિને વધામણી



**નીરમાબેન આશીષકુમાર**
રેડક્રોસ, ગાંધીનગર



**માહી ઠાકોર**
મો. ૯૭૧૨૫૮૩૨૬૩



**લીલાવતીબેન કે ચાવડા**
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩



**મહેન્દ્ર એમ ભટ્ટ**
મો. ૯૩૨૭૦ ૨૦૨૨૯



**હેતાર્થ પરીમલ પટેલ**

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

## ગુજરાત યુનિ.એ ૧૪ જુલાઈથી શરુ થનાર ડેન્ટલની પરીક્ષા રદ કરી

અમદાવાદ,તા.૯

કોરોના વાયરસના સંકટ વચ્ચે ગુજરાત યુનિ. દ્વારા પરીક્ષા માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. યુનિવર્સીટી દ્વારા ૧૪ જુલાઈથી શરૂ થનાર ડેન્ટલની પરીક્ષા રદ કરાઈ છે. હવે પરીક્ષાની નવી તારીખ આવનાર સમયમાં જાહેર કરાશે. યુનિવર્સીટી દ્વારા કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી આ નિર્ણય કરાયો છે.

ગુજરાત યુનિવર્સીટી એમપીટી, એમએસસી નર્સિંગની પરીક્ષા ૨૦ જુલાઈએ લેવાશે, આ ઉપરાંત એમ ઓપ્ટોમેટ્રી, બીએચએમએસની પરીક્ષા ૨૦ જુલાઈએ લેવાશે. અગાઉ ૩૦ જુલાઈથી પરીક્ષા શરૂ થતી હતી.